અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માસ્ક પહેર્યા વગર ફરતા ૬૬ લોકો દંડાયા

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના પોઝિટિવના કેસમાં નોંધપાત્ર વધારો થતાં જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ

ધામેલીયાએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૦ એપ્રિલથી લોકોએ ઘરની બહાર નીકળે ત્યારે માસ્ક/રૂમાલ અથવા સ્વચ્છ કાપડથી ફરજિયાત નાક અને મોઢુ ઢાંકવાનો આદેશ કર્યો હતો. માસ્ક ન પહેનાર વ્યક્તિને પ્રથમ ૨૦૦ રૂપિયા અને પછી ૫૦૦ રૂપિયાનો દંડ વસુલવામાં આવશેનું જાહેરનામું બહાર પાડ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં સરપંચ અને તલાટી કમ મંત્રીને જાહેરનામાનો સંપૂર્ણ અમલ થાય તેની તાકીદ કરી હતી. અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માસ્ક વગર ફરતા ૬૬ લોકો સામે કાર્યવાહી કરી રૂ.૧૩૨૦૦/- દંડ વસુલ્યો હતો. અરવલ્લી જીલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં લોકો કોરોના વાયરસથી ભયભીત સાથે સતર્ક બની લોકો ખુદ ચોકીદાર બની પ્રવેશદ્વારે ગામ બહારનો કોઈપણ વ્યક્તિ પ્રવેશે નહિ તેની દિવસ-રાત તકેદારી રાખી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતતાના અભાવે લોકો માસ્ક પહેરવામાં બેદરકાર જણાતા જીલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયાએ ગ્રામ્ય વિસ્તારોમાં કામકાજ અર્થે બહાર નીકળતા લોકો માટે માસ્ક ફરજીયાત બનાવી ગ્રામ પંચાયત સરપંચ અને તલાટીને શખ્ત કાર્યવાહીના આદેશ આપવામાંઆવતા માસ્ક વગર ફરતા જીલ્લાના ૬ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૬૬ લોકો પાસેથી ૨૦૦રૂ.પ્રમાણેરૂ.૧૩૨૦૦ દંડ વસુલવામાં આવ્યો હતો.

મહુડા વીણવા ગયેલી કણાદરની મહિલાને ફાડી ખાધી

વહેલી સવારે આવેલા દીપડાએ મહિલાને ત્રણસો મીટર ઘસેડી : પોલીસ અને વન વિભાગે પાંજરૂ મુકવાની તજવીજ હાથ ધરી

હિંમતનગર, તા. ૨૮

ઉનાળાની ગરમીમાં ઈમારતી ઝાડ તરીકે તથા રક્ષિત ગણાતા મહુડાના ફુલ ઝાડ પરથી નીચે પડતા હોવાને કારણે ડુંગરાળ વિસ્તારમાં અનેક પરીવારો તેના થકી રોજીરોટી મેળવે છે. ત્યારે મંગળવારે વહેલી સવારે વિજયનગર તાલુકાના કણાદર ગામની એક ૩૪ વર્ષની મહિલા વહેલી સવારે મહુડા વીણતી હતી ત્યારે અચાનક આવેલા દીપડાએ મહિલા પર હુમલો કરી ૩૦૦ મીટર સુધી ઘસડી જઈ ફાડી ખાતા મહિલાનું કરૂણ મોત નિપજ્યુ હતુ. ત્યારબાદ કણાદર પંચાયતે પોલીસ અને વન વિભાગને જાણ કરતા દીપડાને પકડવા માટે પાંજરૂ મુકવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ કણાદર પાસે આવેલ સરદારનગર વિસ્તાર જંગલ વિસ્તાર હોવાને કારણે અહીં રક્ષિત ગણાતા મહુડાના ઝાડ આવેલા છે અને અત્યારે ઉનાળાની ગરમી પડી રહી હોવાથી મહુડાના ફુલ વહેલી સવારે જમીન પર કુદરતી રીતે પડે છે. આયુર્વેદિક પદ્ધતિમાં આ મહુડાના ફુલ ખુબજ ઉપયોગી તથા સ્વાસ્થ્ય માટે ગુણકારી હોવાને કારણે જાણકારો તેનો ઉપયોગ કરે છે અને ઉનાળામાં ભેગા કરેલા આ મહુડાના ફુલ આખુ વર્ષ વાપરે છે.

જેને લઈને કણાદર ગામના ૩૪ વર્ષીય કાંતાબેન રમણભાઈ ડામોર મંગળવારે વહેલી સવારે સુર્યોદય પહેલા મહુડાના ઝાડ નીચે જઈને ફુલ વીણતા હતા દરમિયાન આસપાસમાં શિકાર શોધી રહેલ દીપડાએ અચાનક આવીને કાંતાબેન ડામોર પર જીવલેણ હુમલો કર્યો હતો જોકે કાંતાબેને દીપડાથી બચવા માટે અનેક હવાતીયા માર્યા હતા પરંતુ દીપડાએ કાંતાબેનને ૩૦૦ મીટર દૂર સુધી ખેંચી જઈને લોહીલુહાણ કરી ફાડી ખાધા હતા.

બીજી તરફ આ અંગે કણાદર ગામમાં ખબર પડતા પંચાયતના સત્તાવાળાઓએ તરત જ વિજયનગર પોલીસ અને વન વિભાગને જાણ કરી હતી જેથી વન વિભાગે તથા પોલીસે આવીને સ્થળ નિરીક્ષણ કર્યા બાદ મૃતક કાંતાબેનને તપાસ માટે લઈ જવાની વ્યવસ્થા કરી હતી. ગ્રામજનોના જણાવાયા મુજબ આ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી જંગલમાં ફરતો દીપડો રહેણાંક વિસ્તારમાં ચઢી આવતો હોવાને કારણે તેને પકડી આ વિસ્તારના લોકોને સુરક્ષિત કરવા જોઈએ જે સંદર્ભે વન વિભાગે દિપડાના અવરજવર વાળા વિસ્તારની રેકી કરીને પાંજરૂ મુકવાની તજવીજ હાથ ધરી છે.

અરવલ્લી પોલીસે લોકડાઉન સાથે બુટલેગરો પર તવાઈ

ધનસુરા પોલીસે ૫ અને એલસીબી પોલીસે કનાલના બુટલેગરોની ભઠ્ઠીઓ તોડી પાડી

ધનસુરા, તા. ૨૮

લોકડાઉનની સ્થિતિમાં પાન-મસાલા, બીડી-ગુટખા અને વિદેશી દારૂના રવાડે ચઢેલા

વ્યસનીઓની હાલત દયનિય બની છે, બીજી બાજુ દેશી દારૂનો વેપલો કરનાર બુટલેગરોને તડકો બોલાઈ રહ્યો છે

લોકડાઉનમાં અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂ ગાળતા બુટલેગરોએ રહેઠાણ સ્થળોએજ દારૂની ભઠ્ઠીઓ બનાવી દેશી દારૂના નશાનો કાળો કારોબાર ચાલવી રહ્યા છે. ધનસુરા પોલીસે લાલપુર, વડાગામ અને જામઠા ગામે દેશી દારૂનો વેપલો કરતા ૫ બુટલેગરોની દારૂની ભઠ્ઠીઓ તોડી પાડી હતી. અરવલ્લી એલસીબી પોલીસે ધનસુરા પંથકમાં કનાલ ગામ નજીક પસાર થતી માઝુમ નદીના કિનારે ધમધતી દેશી દારૂની ભઠ્ઠીઓ તોડી પાડી ૫ બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ધનસુરા પીએસઆઈ કે.એસ. સિસોદિયાએ લાલપુર ગામે દેશી દારૂનો વેપલો કરનાર વદનસિંહ વક્તુસિંહ મકવાણા ઘરેથી દેશી દારૂ સહીત મુદ્દામાલ મળી રૂ.૬૪૦, જગતસિંહ ભીખુસિંહ મકવાણા દેશી દારૂ સહીત મુદ્દામાલ મળી રૂ.૮૦૦ તથા જામઠા ગામે હાથીભાઈ જવાનભાઈ પરમાર દેશી દારૂ સહીત મુદ્દામાલ મળી રૂ.૨૧૦૦ તેમજ વડાગામ ગામે દેશી દારૂનો અડ્ડો ચલાવતા પ્રવીણભાઈ વસંતભાઈ નાડીયાના ઘરેથી ૬૦૦ રૂપિયાનો ૩૦ લીટર દારૂ અને મંગલસિંહ રતનસિંહ ચૌહાણ દેશી દારૂ સહીત મુદ્દામાલ મળી રૂ.૧૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી રેડ દરમિયાન રફુચક્કર થઈ જતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી એલસીબી પી.આઈ. મનીષ વસાવા અને તેમની ટીમે કનાલ ગામ નજીક માઝુમ નદીના પટમાં દેશી દારૂનો ગૃહ ઉદ્યોગની જેમ મોટા પ્રમાણમાં ભઠ્ઠીઓ ધમધમાંથી હોવાની બાતમીના આધારે રેડ કરતા બુટલેગરો પોલીસ રેડ જોઈ ફરાર થઈ જતા દેશી દારૂ ગાળવાનો વોશ લીટર-૭૨૦ કીં. રૂ.૧૪૪૦નો મુદ્દામાલ જપ્ત કરી જશુભાઈ ચંદુભાઈ પરમાર, જીન્દુજી સબાજી પરમાર, જયેશભાઈ કાળાભાઈ પરમાર, સંજયકુમાર ફુલાજી પરમાર અને રણજીતસિંહ બાલાજી પરમાર નામના બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

તલોદમાં માર્કેટયાર્ડના એકાઉન્ટર વય મર્યાદાથી નિવૃત

તલોદ, તા. ૨૮

રાજ્યમાં આગવુ સ્થાન ધરાવતી તલોદની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં સતત ૩૬ વર્ષથી

ફરજ બજાવતા અને ૨ વર્ષથી ઈન્ચાર્જ સેક્રેટરી તરીકેનો ચાર્જ સંભાળેલ એવા જોષી બિપીનભાઈ એમની વયમર્યાદાથી ૩૧-૩-૨૦ના રોજ નિવૃત માર્કેડયાર્ડ દ્વારા થયેલ છે. આમ છતાંય કોરોના વાયરસથી બાકી રહેલી કામગીરી માટે માર્કેટયાર્ડને એક માસ વધુ સેવા આપવા યથાવત રહેલ છે.

નિવૃત્ત માર્કેટયાર્ડના એકાઉન્ટર બિપીનભાઈ જોષીની દિર્ઘકાલીન સેવાઓને ચેરમેન કલ્પેશભાઈ પટેલ, સેક્રેટરી વિમલભાઈ ભટ્ટ, કર્મચારી સ્ટાફગણ, માર્કેટયાર્ડના વહેપારીઓ, ખેડૂતો, તોલાટ મજુરો સ્નેહિજનો અને હિતેચ્છુઓએ શુભેચ્છા પાઠવી હતી. જેનો જોષીએ આભાર સૌ કોઈનો પ્રગટ કર્યો હતો.

અરવલ્લી જિલ્લામાં સુજલામ સુફલામ અંતર્ગત મનરેગાના ૧૨૫ કામ હાથ ધરાશે

જિલ્લામાં જળ સંચયના ૫૭ કામોને મંજૂરી અપાઇ : ભિલોડા અને મોડાસામાં આઠ ગામોમાં કામગીરી હાથ ધરાઇ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયમાં ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના

મહત્વાકાંક્ષી અભિયાન સુજલામ સુફલામ જળ અભિયાનનો રાજયવ્યાપી ત્રીજો તબક્કો તા. ૨૦ એપ્રિલથી તા. ૧૦ જૂન-૨૦૨૦ દરમ્યાન પૂર્ણ કરવાનો નિર્ણય કર્યો છે.

આ હેતુસર રૂ. ૪૧૪ કરોડના ખર્ચે ૧૪,૬૯૪ કામો રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામોમાં મુખ્યત્વે જળસંચયના કામો, મનરેગા અંતર્ગત તેમજ લોકભાગીદારીથી હાથ ધરાશે. રાજ્યમાં આ સુજલામ સુફલામ જળ અભિયાનના બે તબક્કા અત્યાર સુધીમાં સફળતાપૂર્વક પાર પડયા છે. આ દરમ્યાન બે વર્ષમાં ૨૩,૫૦૦ લાખ ઘનફૂટ માટી-કાંપ ખેડૂતોએ કાઢી છે અને પરિણામે રાજયમાં જળસંગ્રહ ક્ષમતામાં વૃદ્ધિ થઇ છે. અરવલ્લી જિલ્લામાં અભિયાન અંતર્ગત કરવાના થતા કામો માસ્ટર પ્લાન મુજબ જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યા છે.

જેમાં જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી હસ્તકના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર (મનરેગા)ના ૧૨૫ કામો હાથ ધરાશે જેમાં પ્રથમ તબક્કામાં ૫૭ કામોની મંજૂરી અપાઇ છે. જે પૈકી હાલ ભિલોડાના નાના કંથારીયા, ધોલવાણી, નારણપુરા અને જેશીંગપુરાનો સમાવેશ થાય છે જયારે મોડાસા તાલુકાના ઝાલોદર, સરાડોઇ અને દાવલીમાં બે કામ મળી જિલ્લામાં હાલ જળ સંચય અંતર્ગતના ખેતતલાવડી અને ચેકડેમ નિર્માણની કામગીરી હાથ ધરાઇ છે. સુજલામ સુફલામ જળઅભિયાન-૩ના કામોમાં પ્રવર્તમાન કોવિડ-૧૯ કોરોના વાયરસ સંદર્ભે સરકાર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ, માર્ગદર્શિકાઓ પણ અમલ કરવામાં આવી રહ્યો છે.

અરવલ્લી જિલ્લામાં લોકાડાઉન અને જાહેરનામા ભંગ કરનાર વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરાઇ

જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત ચાર લોકોની અટકાયત

કેન્દ્રીય ગૃહમંત્રાલયના ૩ મે ૨૦૨૦ સુધીના સમગ્ર દેશના લોકડાઉન કરવામાં આવેલ છે. જે અન્વયે જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જાહેરનામામાં જણાવેલ આવશ્યક સેવાઓ શરૂ રખાવી બાકી તમામ સેવાઓ બંધ રખાવેલ છે. આ જાહેરનામાનો ચુસ્ત અમલ કરાવવા અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલના માર્ગદર્શન હેઠળ દ્વારા કડક અમલવારી કરવામાં આવી રહી છે.

જિલ્લામાં લોકડાઉનની ચુસ્ત અમલવારી અંતર્ગત અરવલ્લી જિલ્લા પોલીસ યુનિટ દ્વારા આઈ.પી.સી. કલમ ૧૮૮, ૧૩૫ અને ગુજરાત પોલીસની ૧૯૫૧ કલમ અન્વયે ૧૨૮૩ લોકો વિરુધ્ધ ગુનો નોંધાયા છે જયારે ૧૫૯૨ લોકોની અટકાયત કરી છે. તો ધ એપેડમિક રેગ્યુલેશન, ૨૦૨૦ અન્વયે આઈ.પી.સી.-૨૬૯, ૨૭૦, ૨૭૧ હેઠળ ૬ વિરુધ્ધ ગુનો નોંધાયો છે તો ૧૨ લોકોની અટકાયત કરાઈ છે જયારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ હેઠળ એક વ્યક્તિ વિરુધ્ધ એફ.આઈ.આર. નોંધાઈ છે, ૪ લોકોની અટક કરાઈ છે, કલમ ૧૪૩, ૧૪૪ અને ૧૪૫ અન્વયે હંગામા કરનારા ચાર લોકો વિરુધ્ધ ગુનો નોંધાયો જયારે ૧૭ આરોપીઓની અટકાયત કરાઈ હોવાનું આમ મળી જિલ્લામાં લોકડાઉન અમલ થયેથી આજ દિન સુધી કુલ ૧૨૯૪ વિરુધ્ધ એફ.આઈ.આર. નોંધાયેલ તો ૧૬૨૫ લોકોની લોકડાઉનઅને જાહેરાનામા ભંગ વિરુધ્ધ અટકાયત કરાઈ છે.

શ્રી રાજપૂત કરણી સેના અરવલ્લી દ્વારા કોરોના વોરિયર્સને સેફટી કીટ, ફૂટ્સ અને પાણીની હૂંફ

શ્રી રાજપૂત કરણી સેના(અરવલ્લી) તરફથી કોરોના વાયરસ સામે વૈશ્વિક યુદ્ધ લડતા યોદ્ધાઓ એવા પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ કર્મીઓ, કર્મવીર નિસ્વાર્થ સેવા આપતા અરવલ્લી? જીલ્લાનાં એનસીસી કેડેટ્સ રાત દિવસ જોયા વિના કોરોના સામેના યુદ્ધમાં દેશ માટે યુદ્ધ લડી રહ્યા છે ત્યારે શામળાજી પોલીસ સ્ટેશન, સૂર્યા સૈનિક સ્કૂલ (ખેરંચા), એકલવ્ય સ્કૂલ અને રતનપુર (રાજસ્થાન બોર્ડર) ક્ષેત્રમાં ફરજ બજાવતા પોલીસ, એનસીસી કેડેટ્સ, હોમગાર્ડ અને આર્મી જવાનોને કુલદિપસિંહ જાડેજા મહાસચિવ (ઉ.ગુ) રાજપૂત કરણી સેના ઈન્દ્રવિજયસિંહ જાડેજા (જીલ્લા પ્રભારી), અનોપસિંહ જાડેજા (મહાસચિવ), ગજેન્દ્રસિંહ જાડેજા (સંરક્ષક), રવિરાજસિંહ જાડેજા (સચિવ), શ્રી રાજપૂત કરણી સેના, યુવરાજસિંહ જાડેજા, પ્રદિપસિંહ જાડેજા, જયદિપસિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ જાડેજા અને અરવલ્લી જિલ્લાના કરણી સેનાનાં સૈનિકો દ્વારા ફુટ, પાણી અને સેફ્ટી કિટ(સેનેટાઈઝર અને માસ્ક) વિતરણ કરવામાં આવ્યું. અંતમાં પોલીસ જવાનો ઈશ્વરનું રૂપ બની આ યોદ્ધાઓ થકી કોરોના સામે અચુકથી આપણો દેશ વિજય બનશે તેવી શ્રી રાજપૂત કરણી સેના અરવલ્લી જિલ્લા તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી.

બનાસ મેડીકલ કોલેજના કારણે જિલ્લાનું આરોગ્યક્ષેત્રે પછાતપણાનું કલંક ભૂંસાયું

કોરોના મહામારી સમયે જિલ્લાના તમામ દર્દીઓને બનાસ મેડીકલ કોલેજના કારણે સારવાર પ્રાપ્ત થઈ

પાલનપુર, તા. ૨૮

પાનાસકાંઠા જિલ્લામાં કોરોના મહામારીથી સંક્રમિત થયેલા દર્દીઓને સરકારની માર્ગદર્શિકા મુજબ સારવાર મળી રહે તે માટે ૧૨૬ પથારીની કોવિડ-૧૯ હોસ્પિટલ બનાસ ડેરી સંચાલિત બનાસ મેડિકલ કોલેજ દ્વારા કાર્યરત છે. જિલ્લામાં

બનાસ મેડિકલ કોલેજની સ્થાપના થવાથી નિષ્ણાત તજજ્ઞોની સેવાઓ ઉપલબ્ધ થવાથી સ્વાસ્થ્યક્ષેત્રે મોટી સિદ્ધિ હાંસલ થઈ છે. જેનો સીધો ફાયદો કોરોના મહામારીના સમયે જિલ્લાવાસીઓને થઈ રહ્યો છે. પરિણામ સ્વરૂપ પાંચ વર્ષનો બાળક કોરોનાને મહાત કરી ઘરે પરત ફર્યો. જ્યારે બે કોરોના શંકાસ્પદ પ્રસૂતાઓએ બાળકોને જન્મ આપ્યો છે. બનાસ મેડિકલ કોલેજની કોવિડ-૧૯ હોસ્પિટલમાં કોરોનાની સારવાર આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરી કરવામાં આવી રહી છે. અત્યાધુનિક વેન્ટીલેટર, લેરીન્ગોસ્કોપ, બાયપેપ, અંબુબેગ, ઈ ઁ, રેપીડ ડાયગ્નોસ્ટીક કીટ વગેરે સુવિધાઓ જિલ્લામાં મેડિકલ કોલેજ આવતા ઉપલબ્ધ થઈ છે. આવા અધ્યતન ઉપકરણોનો ઉપયોગ કરી સારવાર આપવામાં આવે તો મોતના મુખમાં જતી જીંદગી બચે છે.

કોરોના મહામારીને ધ્યાનમાં રાખી બનાસ મેડિકલ કોલેજના નિષ્ણાત તજજ્ઞો દ્વારા કોવિડ-૧૯ હોસ્પિટલમાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસરો, લેબોરેટરી ટેકનીશીયનો, નર્સિંગ સ્ટાફ તથા સફાઈ કામદારો માટે મહામારી સમયે યોગ્ય તાલીમ માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ તાલીમમાં લાઈફ સપોર્ટ ડીવાઈસીસ વેન્ટીલેટર, લેરીન્ગોસ્કોપ, બાયપેપ, અંબુબેગ વગેરેનો ઉપયોગ કયારે અને કેવી રીતે કરવો તેની વિગતવાર તાલીમ તમામ કોવિડ હોસ્પિટલ સ્ટાફ ને આપવામાં આવી છે. કોરોના યોદ્ધા એવા ડોક્ટરો અને સ્ટાફને કોરોના ચેપ ન લાગે તે માટે હેન્ડ હાઈજિનનું મહત્વ, પર્સનલ પ્રોટેકશન ઈકવીપમેન્ટ કીટ (ઈ ઁ)ની જરૂરિયાત અને તેનો ઉપયોગ, હોસ્પિટલમાં ચેપ ફેલાતો અટકાવવા માટે ઈન્ફેકશન, પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ અને જૈવિક કચરા (બાયોમેડિકલ વેસ્ટ)નો નિકાલ, રેપીડ ડાયગ્નોસ્ટીક કીટનો ઉપયોગ જેવી અગત્યની તાલીમ કુલ ૫૧૧ કર્મચારીઓને આપવામાં આવી હતી. આ પ્રકારની તાલીમથી હોસ્પિટલમાં ફરજ બજાવતા ડૉક્ટરો અને કર્મચારીઓ પોતાનની ફરજ ઉત્સાહપૂર્વક નિભાવી રહ્યા છે. જેનાથી દર્દીઓની સારવાર અને

હોસ્પિટલની તમામ કામગીરી નિયત માર્ગદર્શિકા પ્રમાણે ચાલી રહી છે.

આરોગ્યની દ્રષ્ટીએ પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાનું કલંક બનાસ મેડીકલ કોલેજ આવતા ભૂંસાયું છે. જે સારવાર માટે આપણે મહાનગરો પર આધાર રાખવો પડતો હતો તે તમામ સુવિધાઓ અને મેડિકલ સાધનો આજે જિલ્લામાં છે. કોરોના મહામારી સમયે એ જ બાબત બતાવે છે કે આજે એકપણ દર્દીને સારવાર અર્થે અન્ય હોસ્પિટલમાં ખસેડવા પડ્યા નથી. બનાસ મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ લોકોની સેવામાં ૨૪ કલાક કાર્યરત રહી લોકસેવા કરી રહી છે.

કુડોલ (સુંદરપુર) ગામે બે ભાઈઓની નિર્દયી હત્યાથી ચકચાર બંને મૃતદેહ નગ્ન અવસ્થામાં સીમમાંથી મળ્યા

લોકડાઉનમાં થોડો સમય થંભી ગયેલ ક્રાઈમરેટ ફરીથી માથું ઉંચકી રહ્યો છે. પોલીસતંત્ર લોકડાઉનની અમલવારીમાં વ્યસ્ત બનતા અસામાજિક તત્વો બેખોફ બન્યા છે. અરવલ્લી જીલ્લામાં વધુ એકવાર રક્તરંજિત ઘટના બનતા ચકચાર મચી છે. ભિલોડા તાલુકાના કુડોલ (સુંદરપુર) ગામે મોડી રાત્રે ખૂની ખેલ ખેલાયો હતો. જેમાં પૈસાની લેતી-દેતીમાં બે સગાં ભાઈઓની સનસનીખેજ હત્યા કરી દઈ નગ્ન અવસ્થામાં બંનેના મૃતદેહ ગામમાં નાખી હત્યારાઓ ફરાર થઈ જતા બે સગા ભાઈઓની હત્યાની ઘટનાની જાણ ભિલોડા પીએસઆઈ કે.કે. રાજપૂત અને પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

કુડોલ (સુંદરપુર) ગામમાં રહેતા રાજેન્દ્રભાઈ અને વિનોદભાઈ યુસુફભાઈ અસારી નામના બે સગા ભાઈઓની હત્યાથી ચકચાર મચી છે.

રાજેન્દ્રભાઈ અસારી રવિવારે રાત્રે ગામમાં આવેલી કરિયાણાની દુકાને સરસામાન લેવા જતા ગામના આશીર્વાદ દાનિયલ પારઘી અને ચંદ્રેશ ભુરજી કોપસા નામના શખ્સે ઈંટોની મજૂરીના પૈસા અંગે બોલાચાલી કરી તકરાર કરતા ઘરે આવી પરિવારજનોને સમગ્ર ઘટના અંગે વાત કરી હતી. થોડીવાર પછી રાજેન્દ્રભાઈ (ઉં.વર્ષ-૪૨) અને તેમના નાના ભાઈ વિનોદભાઈ યુસુફભાઈ અસારી (ઉં.વર્ષ-૩૫) આશીર્વાદ દાનિયલ પારઘી અને ચંદ્રેશ ભુરજી કોપસાને ઠપકો આપવા જતા બંને શખ્શોએ બંને ભાઈઓને બોથડ પદાર્થના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતા. હત્યારાઓ આટલેથી ન અટકતા ક્રૂર બની બંને ભાઈઓની લાશને નગ્ન કરી સીમમાં નાખી દઈ ફરાર થઈ ગયા હતા.

પરિવારજનોએ શોધખોળ હાથ ધરાતા બંને ભાઈઓની હત્યા થયેલી હાલતમાં ગામની સીમમાંથી મૃતદેહ મળી આવતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી, બે સગા ભાઈઓની હત્યાની ચકચારી ઘટનાના પગેલે ભિલોડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી બંને મૃતકની લાશને પીએમ માટે ખસેડી નિરાલીબેન રાજેન્દ્રભાઈ અસારીની ફરિયાદના આધારે આશીર્વાદ દાનિયલ પારઘી (રહે, કુડોલ-સુંદરપુર) અને ચંદ્રેશ ભુરજી કોપસા (રહે, જુશાવાડા, વિજયનગર, મૂળ રહે, ડબાચા, રાજસ્થાન) વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.